# તોફાનોના કેસમાં 'સીટ' સંકેલી લેવાના મૂડમાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા. ૬

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગુજરાતના નવ જેટલા ૨૦૦૨ના હુલ્લડના કેસને તપાસતી સીટ દ્વારા અહેવાલ ફાઈલ કરવામાં આવતી ઢીલ અને તે અંગે 'ક્લોઝર રિપોર્ટર' ફાઈલ કરવામાં આવશે એવા મળતા અહેવાલો લોકશાહી માટે ચિંતાજનક છે પરિણામ સ્વરૂપે પીયુસીએલ અને પ્રબુદ્ધ નાગરિક શક્તિ મંચ યોજીત પત્રકાર પરિષદમાં ગાંધીવાદી ચુનીભાઈ વૈદ્ય, પત્રકાર પ્રકાશ ન. શાહ, ગૌતમ ઠાકર તથા ગુજરાત લોકસમિતિના કાર્યકારી અધ્યક્ષા ઈલાબેન પાઠકે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે નીમેલ સીટ બધું સંકેલી લેવા માગે છે એવા સંકેતો સામે ગુજરાતમાં ન્યાયની પ્રક્રિયા બહાલ થાય એવી માગણી સાથે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ એસ.એચ. કાપડિયાને પત્ર પાઠવવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશને પાઠવેલ પત્ર નીચે અક્ષરશઃ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

''૨૦૦૨ના કોમી રમખાણોને દસ વર્ષ વીત્યાં. હજી સુધી તેમાં હોમાઈ ગયેલાને ન્યાય મળ્યો નથી. નામદાર સુપ્રીમ કોર્ટે જે પગલાં લીધા પછી રાજુ રામચંદ્રનના અહેવાલને લીધે ગુજરાતમાં ન્યાય થશે એવી સંભાવના ઊભી થઈ હતી.

આપના નીમેલા સવિશેષ તપાસ જૂથ (એસઆઈટી)એ જે રીતે કાર્યવાહી ચલાવી તે પરથી અમને શંકા જાય છે કે તેને ગુનેગારને શોધવામાં કે તેના પર આરોપ મૂકીને તેને ન્યાયાલયમાં દોરી જવામાં કોઈ રસ નથી. હવે અમને મુદ્રિત અને અન્ય માધ્યમો દ્વારા જાણવા મળ્યું છે કે તે સવિશેષ તપાસ જૂથ પોતાનું કામ સંકેલી ખાસ કરીને ઝકીયા જાફરીને લગતા કેસની તપાસ કરવાનું બંધ કરવા નક્કી કર્યું છે. અમને આ જાણીને ઘણી ચિંતા થાય છે કે તેમ થશે તો ગુજરાત માટે ન્યાયના દ્વાર આપની દરમિયાનગીરીથી ખુલ્યાં હતાં તે બંધ થઈ જશે.

અમને વારંવાર પ્રસિદ્ધ થતા સમાચારોથી જાણ થઈ છે કે કેટલાક વિધાનો જુબાનીઓ અને સોગંદનામા એવા થયા છે કે જેને આધારે કોમી આગ ભડકાવનારાને, તેમાં અનેકોને હણનારાને અને તેમના મૃતદેહોને રફે દફે કરનારાને ગુનેગાર સાબિત કરી શકાય તેમ છે જો એસઆઈટી તેમને સોંપાયેલા કામને વીંટો વાળીને

અનુસંધાન બીજા પાને

## સ્વૈચ્છિક સંગઠનોના અગ્રણીઓએ સીટના વલણને ગુજરાત વિરોધી દર્શાવી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર પાઠવી ન્યાય બહાલ કરવા માગણી કરી

### તોફાનોના છેલ્લા પાનાનું ચાલુ

ઊંચું મૂકી દેશે તો તે એક અત્યંત ભયાવહ અને જોખમકારક સંકેત બનશે. શું અમારે ગુજરાતીઓએ એમ સમજવાનું છે કે ૨૦૦૦થી વધુ માણસો મર્યા તેમને મારનાર કોઈ ન હતું? આટલો અતિશય આતંક ફેલાવનારાને કોઈ રીતે ન્યાયની કેડીએ બદ્ધ જ ન કરી શકાય? આપના જેવી સર્વોચ્ચ ન્યાયપ્રિય સત્તા તપાસનું કામ નિર્દેશે તે પણ વ્યવસ્થિત રીતે ન થાય અને તપાસ કરનાર તહોમતનામું પણ ન મૂકે ક્યાંનો ન્યાય? આપણી ભારતીય કાર્ય પદ્ધતિ કહો કે ન્યાય પદ્ધતિ આટલી વાંઝણી કે એમાંથી કશું જ નિષ્પન્ન ન થાય?

અમને ગુજરાતીઓને એસઆઈટીની આ ચાલના સ્વીકાર્ય નથી. અમને સમજાયું છે કે રાઘવન એમાં પોતાની ક્ષમતાપૂર્વક સક્રિય રહ્યા નથી એટલે રાજુ રામચંદ્રને જે જે નિર્દેશ્યું હતું તે સઘળું તેમણે અણદેખ્યું કર્યું છે: અમને રંજ છે કે એસઆઈટી અને તેના મુખ્ય અધિકારી રાઘવન પોતાની નૈતિક ફરજ ચૂક્યા છે અને તેમ કરીને તેમણે ગુજરાતીઓની ન્યાય પ્રક્રિયામાંની શ્રદ્ધાને જબરદસ્ત ઠેસ પહોંચાડી છે.

આપણને જાણ છે કે ૨૦૦૨માં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના ન્યાયમૂર્તિ વર્માએ ગુજરાત સરકાર પ્રસ્તુત રમખાણોમાં સામેલગીરી હોવા વિશે નિર્દેશ કર્યો હતો. ત્યાર પછી નાગરિક ટ્રિબ્યુનલમાં ન્યાયમૂર્તિઓ પી.બી. સાવંત અને હોસ્બેટ સુરેશે પણ રાજ્ય સરકારની ગુનામાં સામેલગીરીનો ઉલ્લેખ કર્યો હતો. આ બધાના વિધાનો અવગણીને, આપે સપ્ટેમ્બર, ૨૦૧૧માં કરેલી તાકીદ પ્રત્યે બેપરવા રહીને એસઆઈટીએ ગુજરાતના નગરજનોને અત્યંત દુઃખદ આંચકો આપ્યો છે અને ૨૦૦૨માં બલિ બની ગયેલા અનેકોના આત્મગૌરવ પર ઘા કર્યો છે.

અમારે આપને વધુમાં પૂછવું રહે છે કે સર્વોચ્ચ અદાલતુ સમક્ષ ધા નાખ્યા છતાં સોંપાયેલા કામો તરફ ઉદાસીનતા દાખવીને ન્યાયના કાર્યમાં જોડાયેલા અધિકારીઓ વગેરેએ ન્યાયથી વિપરીત જઈને આત્મપ્રક્રિયાને ન ભુસાઈ શકે એવો બટ્ટો નથી લગાડ્યો? ગુજરાતમાં પાશવતા આચરનારા છેલ્લા દસ વર્ષમાં સમજી ગયા છે કે ગુનેગારોને સજા થતી નથી અને થશે નહીં તેથી રાજ્યમાંના સર્વ ગુનાની સંખ્યા વરસો વરસ વધતી રહી છે. તેમાં સ્ત્રીઓ પ્રત્યે આચરાતા ગુના બેફામ વધ્યા છે. જે રાજ્યમાં મોટી હોનારત થઈ તેના પર ધ્યાન નથી અપાતું તેવું દેખાય એટલે સૌ ગુનેગારોને છૂટો દોર મળ્યો તેમ સમજાય છે.

મુખ્ય ન્યાયાધીશને લખેલા પત્રમાં પ્રશ્નો ઉઠાવ્યા છે કે (૧) આપે ૧૨-૯-૧૧ના રોજ કરેલી તાકીદ પછી પણ એસઆઈટીએ કેમ આટલી ઢીલ કરી? (૨) એસઆઈટીએ તેની સામે મૂકવામાં આવેલા જરૂરી દસ્તાવેજ પુરાવા પર ધ્યાન નથી આપ્યું? મોબાઈલ ફોન રેકર્ડ કે સ્ટેશન ડાયરીની નોંધો કે પોલીસ કંટ્રોલરૂમના રેકર્ડ વગેરે પર ધ્યાન કેમ ન આપ્યું? આ સર્વ પુરાવા જાહેર છે છતા તેને અણદેખ્યા કેમ કરવામાં આવ્યા? (૩) કેટલાક સાક્ષીઓએ મુખ્યમંત્રી વિશે આપેલા નિવેદનો લક્ષ્યમાં કેમ ન લીધાં? (૪) રાજુ રામચન્દ્રને જણાવ્યું હતું તે અનુસાર એસઆઈટીએ મુખ્યમંત્રી તેમજ તેમના સિનિયર અધિકારીઓ વિરુદ્ધ કામ ચલાવવાની ભલામણ કરી હતી તેને એસઆઈટીએ કેમ વિસારે પાડી?

આવા સવાલો અમને ગુજરાતીઓને ઉઠ્યા છે અને આપ તેના વિશે અમને આશ્વસ્ત કરશો તવી અમારી અપેક્ષા છે. ગુજરાતમાં શાંતિ અને સંવાદિતા જળવાય તે માટે જરૂરી છે કે ૨૦૦૨ના દાવાનળ વિશે સુયોગ્ય તપાસ થાય અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળ્યાનો અનુભવ થાય.''